### બેંક ઓફ બરોડા, ગાંધીનગર ક્ષેત્ર દ્વારા

# નડાબેટ બોર્ડર ગુજરાત પર ફરજ બજવતા સૈનિકો માટે 'મોબાઈલ એટીએમ વાન' દ્વારા બેંકિંગ સેવા



ગાંધીનગર, તા. ૫

બેંક ઓફ બરોડા આજે ડીજિટલ બેંકિગ સેવાઓ પૂરી પાડવામાં અગ્રણી સ્થાન ધરાવે છે. છેલ્લા ઘણા વર્ષોથી બેંક ઓફ બરોડા પરંપરાગત બેંકિગ પધ્ધતીથી ઉપર જઈને આધુનિક બેંકિગ ઉત્પાદનો અને સેવાઓ પ્રદાન કરી રહી છે. હાલના કોવીડ-૧૯ ના લોકડાઉન ભર્યા માહોલમાં પણ ગ્રાહકોની સાનુકુળતા ને ધ્યાનમાં રાખતા સરળતાથી કેશ ઉપાડી શકે, તે માટે તેમના ઘર આંગણે જ ''મોબાઈલ એટીએમ વાન'' ની સેવા ચાલુ કરી છે.


તાજેતરમાં બેંક ઓફ બરોડા, ગાંધીનગર ક્ષેત્રને આ ''મોબાઈલ એટીએમ વાન '' ની સેવા બીએસએફ કેમ્પ, ચીલોડા ગાંધીનગર માં આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આ સેવાનો પ્રતિભાવ જોતા અને ગ્રાહકની સંતુષ્ટી ની લાગણીથી બંધાઈને બેંક ઓફ બરોડા,ગાંધીનગર ક્ષેત્ર ના કર્મચારીઓ આ ''મોબાઈલ એટીએમ વાન'' લઈને ગાંધીનગર ક્ષેત્રના ક્ષેત્રિય પ્રમુખ શ્રી મનિષ પલણ ના નેતૃત્વમાં નડાબેટ સ્થિત ભારત-પાકિસ્તાન સરહદે પહોચ્યા હતા.

નડાબેટ સરહદે આ ''મોબાઈલ એટીએમ વાન'' ના ઉદ્ઘાટન ના થોડા જ સમયમાં ૨૦૦થી વધારે એટીએમ ટ્રાંન્ઝેકશન્સ હાથ ધરાયા હતાં. આ આયોજનમાં 'સોશિયલ ડીસ્ટન્સિંગ'' અને ''સેનીટાઈઝેશન'' નુ પુરતુ ધ્યાન રાખવામાં આવ્યુ હતુ. બીએસએફ્નાં જવાનોએ સરળતાથી એટીએમ માંથી પૈસા ઉપાડી આનંદ અને હર્ષની લાગણી સાથે બેંક ઓફ બરોડાનો આભાર વ્યક્ત કર્યો હતો.

બેંક ઓફ બરોડા, ગાંધીનગર ટીમ ''રાષ્ટ્રના વીરોને'' ને બેંકિગ સેવાઓ પૂરી પાડી આનંદની લાગણી અનુભવી હતી.

# સેન્ટર ઓફ એક્સલેન્સ ઈન એકવાકલ્ચર દ્વારા 'એકવાકલ્ચર ટુડે' પર વેબીનાર



ગાંધીનગર, તા. ૫

સેન્ટર ઓફ એક્સલન્સ ઈન્ એકવાકલ્ચર, કામધેનુ યુનિવર્સિટી, ઉકાઈ દ્વારા 'એકવાકલ્ચર ટુડે' આ વિષય ઉપર ૨ મે, ૨૦૨૦ના રોજ એક દિવસીય રાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં રાષ્ટ્ર ૨૫૦ જેટલા તાલીમાર્થીઓ જેમાં રાષ્ટ્રના મત્સ્યોદ્યોગ અધિકારીઓ, મત્સ્ય ખેડૂતો, રાજય કૃષિ વિશ્વ વિદ્યાલયના પ્રધ્યાપકો તેમજ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સદર તાલીમના ઉદ્ઘાટન પ્રસંગે કામધેનુ યુનિના કુલપતિ ડૉ. એન.એચ. કેલાવાલા, વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. પી એચ વાટલીયા, સંશોધન નિયામક ડૉ. ડીબી પાટીલ અને સેન્ટર ઓફ એકસલન્સના વડા ડૉ. સ્મિત લેન્ડે ઉપસ્થિત હતા.

સદર વેબિનારમાં ભારતીય કૃષિ અનુસંધાન કેન્દ્રના માજી ડાયરેકટર જનરલ ડૉ. અયપ્પન, ડીપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી દિલ્હીના માજી વૈજ્ઞાનિક ડૉ. નીનાવે અને ગુજરાત રાજયના પ્રસિદ્ધ પ્રગતિશીલ ખેડૂત ડૉ. મનોજ શર્મા દ્વારા તાલીમાર્થીઓને વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં તાલીમાર્થીઓ પુષ્કળ ઉત્સાહથી ભાગ લઈ પરસ્પર સંવાદમાં ભાગ લીધો હતો. કામધેનુ યુનિવર્સિટી દ્વારા યોજાયેલ આ રાષ્ટ્રીય વેબીનારનો મુખ્ય ઉદ્દેશ્ય ડીજીટલ ટેકનોલોજીનો ઉપયોગ કરી વડાપ્રધાનની સૂચનાઓનો અમલ કરી પોતાના ઘરે રહીને કોવિડ-૧૯થી મત્સ્ય ઉછેર કરતા ખેડૂતોને સાવચેતીના પગલા લેવા બાબતે માહિતી આપવામાં આવી હતી.

# જન્મદિને વધામણી



દર્શન મારૂ
પૂર્વ પત્રકાર,
ગાંધીનગર સમાચાર
મો. ૯૫૮૬૨ ૮૭૪૪૭



અશ્વિનભાઈ આર પંડ્યા
મો. ૯૪૨૬૩ ૧૭૭૨૨



ધ્યાના રિતેશકુમાર સોની

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં મોહિની ભાગવત એકાદશીના દિને શ્રી ઘનશ્યામ મહાપ્રભુને ચંદનનો કલાત્મક શણગાર

ગાંધીનગર, તા. ૫

સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરાગત અનુસાર ગ્રીષ્મ ઋતુ - વૈશાખ માસની ગરમીમાં ભગવાનને ઠંડક મળે તેવા હેતુથી શ્રી સ્વામિનારાયણ ભગવાન - શ્રી ઘનશ્યામ મહાપ્રભુ, શ્રી હરિકૃષ્ણ મહારાજને ચંદનના વાઘાના શણગાર સજાવવામાં આવ્યા હતા .

અખાત્રીજથી ચંદનના વાઘા સ્વામિનારાયણ સંપ્રદાયમાં ધરાવવામાં આવે છે. તે અંગે મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અનુજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરના મહંત સદ્ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, શ્રી સ્વામિનારાયણ ભગવાનને વૈશાખ સુદ એકાદશી - મોહિની ભાગવત એકાદશીના પવિત્રતમ દિવસે પૂજનીય સંતોએ ૨૫ કિલો ચંદનમાંથી કલાત્મક વાઘા - શણગાર ધરાવવામાં આવ્યા હતા.




આ વાઘા ધરાવવાથી ભગવાનને એરકન્ડીશન કરતાં પણ વધુ ઠંડક પ્રાપ્ત થતી હોય છે. અને વાઘા ધરાવ્યા બાદ આ ચંદનનો સર્વ શ્રેષ્ઠ ઉપયોગ થાય, તથા ભગવાનનો સ્પર્શ થયેલ ચંદન દરેકને પ્રાપ્ત થાય એટલા માટે આ ચંદનના વાઘામાંથી ચંદનની ગોટીઓ બનાવવામાં આવે છે અને તે ભકતોને આપવામાં આવે છે.તે ગોટીમાંથી ભકતો નિત્ય ચંદન ઘસીને પોતાના કપાળે લગાવે છે અને તિલક કરે છે. અને તિલક ચાંદલો એ સ્વામિનારાયણ સંપ્રદાયનું પ્રતિક છે.તિલક ચાંદલો જોઈને જ ખબર પડી જાય કે,આ સ્વામિનારાયણ ભગવાનનો સત્સંગી છે. તિલક એ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રતિક છે અને ચાંદલો એ અનાદિમુકતનું પ્રતિક છે. આમ,ચંદનના વાઘા જે ભગવાનને ધરાવવામાં આવે છે તે તેનો નિત્ય સદ્ઉપયોગ કરવામાં આવે છે.

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે - સ્વયં શ્રી મુખવાણી વચનામૃત ગ્રંથના ગઢડા છેલ્લા પ્રકરણના ૨૩ મા વચનામૃતમાં કહયું છે કે, ઋતુ અનુસાર ભગવાનની સેવા ચાકરી કરવી જોઈએ. તેથી ઉનાળો આવે ત્યારે ભગવાનને ગરમીમાંથી રાહત મળે અને ઠંડક પ્રાપ્ત થાય તે માટે ભગવાનને ઝીણા વસ્ત્રો ધરાવવા જોઈએ. અને ભગવાનની આગળ એરકંડીશન મૂકવામાં આવે છે.પરંતુ વૈશાખ માસની અસહ્ય ગરમીમાં ભગવાનને ઠંડક પ્રાપ્ત થાય તે માટે ભગવાનને ચંદનના વાઘાના કલાત્મક શણગાર સજવામાં આવે છે. આ ચંદનના વાઘા એરકન્ડીશન કરતાં પણ વધુ ભગવાનને ઠંડક એટલે કે, શીતળતા આપે છે.

લોકડાઉનના કારણે વૈશાખ સુદ એકાદશી - મોહિની ભાગવત એકાદશીના પવિત્રતમ દિને ચંદનના કલાત્મક શણગારમાં અભયદાન અર્પતા શ્રી સ્વામિનારાયણ ભગવાન - શ્રી ઘનશ્યામ મહાપ્રભુજીની શણગાર આરતી દાર્શનિક સાર્વભૌમ આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે ઉતારી હતી. પૂજનીય સંતોએ દર્શન, સ્તુતિ - પ્રાર્થના તથા કીર્તન સ્તવન કર્યું હતું. લોકડાઉનને લીધે સત્સંગીઓને દર્શન માટે મનાઈ હતી પરંતુ શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરથી લાઈવ દર્શન અને યુટયુબ ચેનલના માધ્યમથી દેશ-વિદેશમાં વસતા તમામ સત્સંગી હરીભકતોને દર્શન કરાવવામાં આવ્યાં હતાં.

# શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા નવી ડીઝીટલ સેવા દ્વારા ઈ-સંકલ્પ કરાવવાનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૫

લોકડાઉન દરમ્યાન ભગવાન સોમનાથજીની પૂજા કરાવવા માટે અનેક ભક્તો મોબાઈલથી સંપર્ક કરે છે, જેને ધ્યાનમાં રાખી ટ્રસ્ટ દ્વારા ઈ-સંકલ્પ ડીઝીટલ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સેવાનો પ્રારંભ ટ્રસ્ટના માન.અધ્યક્ષશ્રી કેશુભાઈ પટેલે ગાંધીનગર ખાતે પોતાના નિવાસ સ્થાનેથી કોરોના વોરીયર્સ (કોરોના વીરો) જે લોકો કોરોના મહામારીની જંગ સામે પરવા કર્યા વિના પોતાની ફરજ બજાવીને એક યોધ્ધાની જેમ લડે છે તેવા કોરોનાવીરને ભગવાન સોમનાથ શકિત આપે અને સમગ્ર વિશ્વને આ કોરોના મહામારીમાંથી મુક્તિ મળે તે માટે મહાપૂજા તેમજ મહામૃત્યુંજય જાપ પુજાનો ઈ-સંકલ્પ કરી પૂજાવિધિ કરવામાં આવી.

જયારે મંદિર લોકડાઉન દરમ્યાન બંધ છે. અને ભક્તો મંદિર દર્શન માટે અને પુજાવિધિ કરાવવા આવી શકે તેમ નથી, ત્યારે જે પણ ભક્તો ઓનલાઈન પુજાવિધિ નોંધાવશે તે ભક્તોને ટ્રસ્ટ દ્વારા વોટ્સએપ, અને ગુગલ ડ્યુઓ મારફત ટેકનોલોજીનો ઉપયોગ કરી વિડિયો કોલીંગ કરી શ્રી સોમનાથ મંદિર માં જયાં યાત્રીકોને પુજાવિધિનો સંકલ્પ કરાવવામાં આવે છે, તે સ્થળે થી ઈ-સંકલ્પ કરાવી ડીઝીટલ માધ્યમથી ભક્તોને ભગવાનથી જોડવાનો અનેરો પ્રયાસ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે.

ટ્રસ્ટ દ્વારા પુજાવિધિ નોંધાવનાર નો અગાઉથી સંપર્ક કરી ચોક્કસ સમય નક્કી કરી તેઓને વિડિયો કોલીંગથી ઈ-સંકલ્પ કરાવવામાં આવશે. લોકડાઉનના સમયમાં લોકોને ઘરેબેઠા પુજાવિધિનો સંકલ્પ કરાવી મંદિરમાં પુજાવિધિ કરાવી શકે તેવા શુભાશયથી ટ્રસ્ટના આઈ.ટી. ટીમ, પી.આર.ઓ તેમજ મંદિરની ટીમ દ્વારા જનરલ મેજેનજરશ્રી તેમજ માન.ટ્રસ્ટી સેક્રેટરીના માર્ગદર્શન હેઠળ આ ડીઝીટલ સેવાનો પ્રારંભ કરવામાં કરવામાં આવ્યો હતો.

સર્વેને લોકડાઉન દરમ્યાન ''ઘરમાં રહો, સુરક્ષીત રહો'' તેમજ સરકારની સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવા અપીલ છે.

### ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી

# ગણપત યુનિ. દ્વારા 'વિશેષ વ્યાખ્યાન'નું ઓનલાઈન આયોજન : બાપ્સ રાજકોટના અપૂર્વસ્વામીએ 'લેટ્સ મેઈક એન્ટીવાઈરસ' વિષય પ્રવચન આપ્યું

## યુનિ.ના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતિભાઈ પટેલ (અમેરિકા) સહિત ૧૦૦ સ્ટાફ ઓફિશિયલ્સ અને ૪૦૦ જેટલાં સ્ટુડન્ટ્સ ઓનલાઈન ઉપસ્થિત રહ્યા

ગણપત વિદ્યાનગર, તા.૫

ગુજરાતના ૬૦મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરુપે ગઈ તા. ૨જી મેના રોજ ગણપત યુનિ. દ્વારા એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામ્ આવ્યું હતું. ગુજરાતી ગૌરવની ઉજવણીના ભાવના અને પ્રવર્તમાન કોરોનાના ત્રાસથી પરિસ્થિતિ - બંનેના વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને આ ઓનલાઈન અવસરના કેન્દ્રમાં વિષય રખાયો - (લેટ્સ મેઈક એન્ટીવાયરસ). રાજકોટના (બાપ્સ) સ્વામિનારાયણ મંદિરના પ્રતિભાવંત સંત સ્વામિશ્રી અપૂર્વસ્વામી આ અવતરે વિશેષ વ્યાખ્યાતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

યુનિવર્સિટીના ફેસબુક અને અન્ય ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર યોજાયેલા આ વિચાર-પ્રેરક પ્રવચનમાં યુનિવર્સિટીના પ્રિસેડન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, (અમેરિકા), સહિત ૧૦૦ જેટલાં સ્ટાફ ઓફિશિયલ્સ અને ૪૦૦ થી વધુ સ્ટુડન્ટ્સ ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતા.

ગણપત યુનિ.ના પ્રો. ચાન્સેલર અને ડાયરેકટર જનરલ પ્રો. ડો. મહેન્દ્રભાઈ શર્માએ એમના વેકલમ પ્રવચનમાં પ્રથમ સૌને ગુજરાત દિવસ નિમિત્તે ધન્યવાદ પાઠવીને જણાવ્યું હતું કે આ કોરોનાને કારણે જીવનમાં જે પરિવર્તન આવ્યું છે તેમાં સકારાત્મક વલણ સાથે આપણે સામાજિક અંતર જાળવવું, માસ્ક પહેરવું, યોગ કરવા અને સ્વચ્છતા જાળવવી સ્વાસ્થ્યની સંભાળ રાખવી જેવી બાબતોને રોજિંદા જીવનમાં વણી લેવી જોઈએ. ગામડાઓએ પોતાનું જ ટકાઉ અર્થતંત્ર વિકસાવવું અનિવાર્ય છે.

ગણપત યુનિવર્સિટી દ્વારા આ કોરોનાની સ્થિતિમાં ખાસ કરવામાં આવેલી કેટલી ચુનંદી સમાજ સેવાની વાત કરતા પ્રો. ડો. મહેન્દ્ર શર્માએ જણાવ્યું હતું કે યુનિ. દ્વારા માસ્કની મફત વહેંચતી, કેટલીક ખાદ્ય સામગ્રીની વહેંચણી, કેન્દ્ર સરકારના આયુષ વિભાગની ભલામણ મુજબની હોમિયોપેથિક દવાઓ વગેરેની વહેંચણી આસપાસના ગામડાંઓમાં લોકોમાં નિઃશુલ્ક રીતે કરવામાં આવી હતી.

યુનિ. પરિસરમાં હજારોની સંખ્યામાં સરગવો વાવ્યા પછી હવે આસપાસના દસ ગામોમાં પણ એક એક હજાર સરગવાના ઝાડનું વાવેતર કરવામાં આવ્યું છે. અને ત્યાંની ગ્રામીણ મહિલાઓને સરગવાના ઔષધીય ગુણો વિષે માહિતી આપવામાં આવી હતી. આવી ૩૦૦ જેટલી મહિલાઓ હવે એમના રોજિંદા જીવનમાં સરગવાનો વિવિધ રીતે ઉપયોગ કરી પોતાના અને લોકોના સ્વાસ્થ્યની વિશેષ કાળજી લઈ શકશે. આટલું જ નહીં, ગણપત યુનિવર્સિટીએ સરગવા યુક્ત ખાતરાનું ઔષધીય મુલ્ય સમજીને અમદાવાદના સિવિલ હોસ્પિટલના કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓ અને તેમનાં સગાંવહાલાં માટે પણ સરગવાયુક્ત ખાખરા ભેટ મોકલાવ્યા છે.

ગણપત યુનિ. ખાતે



વિકસાવાઈ રહેલા 'સેન્ટર ફોર સસ્ટેનેબલ એન્જિનિયરિંગ'નો પણ એમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

પૂજ્ય શ્રી અપૂર્વસ્વામીએ એમના 'વિશેષ વ્યાખ્યાન'માં સૌનો ઓનલાઈન સંબોધન કરતા કહ્યું હતું કે આપણે મુખ્યત્વે ત્રણ ક્ષેત્રોમાં 'એન્ટીવાયરસનું સર્જન' કરવાની જરૂર છે.

(૧) અભ્યાસ - શિક્ષણમાં, (૨) સમાજમાં અને (૩) આપણા જીવનમાં - આધ્યાત્મિકતાને સ્થાન આપીને.

વિદ્યાર્થીઓએ સવારે વહેલા ઉઠવું અને અભ્યાસ કરવો, ઘરમાં માતાપિતા અને વડીલો સાથે, માન, પ્રેમને આદરથી વર્તવું, વધુ શિસ્ત કેળવવી, નિષ્ઠાપૂર્વક જીવવું, ફોન, ટેબલેટ્સ, કોમ્પ્યુટર દ્વારા ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના ઉપયોગમાં સંયમ વરતવો અને વિવેકપૂર્વક તેનો મર્યાદિત ઉપયોગ કરવો, નહિ તો એમની કારકિર્દી અને જિંદગી બંને માટે એ ખૂબ હાનિકારક બની શકે છે. વિદ્યાર્થીઓ આ તમામ બાબતોને ધ્યાનમાં લઈ 'એન્ટીવાયરસનું સર્જન' કરી શકે છે.

સમાજને 'એન્ટીવાયરસના સર્જન'ની ટીપ્સ આપતા સ્વામીશ્રી અપૂર્વસ્વામીજીએ કહ્યું હતું કે, કુદરતી અને માનવ સર્જિત આફતો સામે હકારાત્મક રીતે લડવું જોઈએ.

આધ્યાત્મિકતાના સંદર્ભે સ્વામીજીએ ભગવાન ઉપર શ્રદ્ધા રાખીને તે જે કરે છે તે સારા માટે કરે છે તેવું માનવાની સલાહ આપી છે.

યુનિ.ના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલે પણ શુભેચ્છા પાઠવતા કહ્યું હતું કે, આ કોરોના નિમિત્તે આપણે જાતનું અંદરથી નિરીક્ષણ કરી જીવનશૈલીમાં પરિવર્તન લાવી વધારે સારા, ટકાઉ વિકલ્પોને અપનાવવા જોઈએ.




# બોરીસણાના શિક્ષકો દ્વારા લોકડાઉનમાં ગરીબોને કીટનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત કલોલ તાલુકાના બોરીસણા પે સેન્ટરના શિક્ષકોએ કોરોના મહામારીના સંકટ સમયે નાણાં એકત્ર કરી જરૂરિયાતો મંત્રોની જરૂરી સામાનની કીટ બનાવીને પીયજ, રામનગર, ગોપાલનગર, તેમજ બોરીસણાના જુદા જુદા વિસ્તારમાં લોકડાઉનમાં ૨૦૦થી વધારે કીટોનું વિતરણ કરાયું.



બોરીસણાના સી. આર સી. નિલેષભાઈ ઝાલા પે સેન્ટરના આચાર્ય અમરીશભાઈ પરીખ, શિક્ષક ધીરજભાઈ પટેલ, પન્નાલાલ પંચાલએ ખૂબ જ જહેમત ઉઠાવી કીટ તૈયાર કરી વિતરણ કર્યુ હતું.